**મહત્તમ : ૪૨.૬ ડીગ્રી**
**લઘુતમ : ૨૭.૪ ડીગ્રી**
**ભેજ**
**સવારે ૫૪ ટકા ● સાંજે ૨૭ ટકા**

**ગાંધીનગર તાપમાન**

# ગાંધીનગરનું તાપમાન ૨૯મી સુધી ૪૪ થી ૪૬ ડિગ્રી પહોંચશે

## ગરમીથી બચવા માટે ઘરની બહાર નીકળવાનું ટાળો : ગરમીમાં ઉપવાસ ન કરો

ગાંધીનગર, તા.૨૫

સમગ્ર રાજય સહિત ગાંધીનગરમાં અંગ દઝાડતી ગરમીએ આમ નાગરિકોને ત્રાહિમામ કરી દીધા છે. ગાંધીનગર જિલ્લામાં આજથી તા. ૨૯મી એપ્રિલ, ૨૦૧૯ દરમ્યાન તાપમાન ૪૪ થી ૪૬ ડિગ્રી રહેવાની શકયતા છે. અચાનક વધતી ગરમીના કારણે લૂ લાગવા ( હીટ વેવ)ની શક્યતા પણ વધી જતી હોય છે, જેના કારણે નાગરિકોને હીટ વેવ થી બચવા માટે ઘરની બહાર ન નીકળવા માટે જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન કેન્દ્ર, કલેકટર કચેરી, ગાંધીનગરે જણાવ્યું છે.

જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન કેન્દ્ર, ગાંધીનગર દ્વારા જણાવવામાં આવ્યું છે કે, હીટ વેવ દરમ્યાન નાગરિકોને ઘરની બહાર નીકળવાનું અને તડકામાં ફરવાનું બને ત્યાં સુધી ખાસ ટાળવું. તેમજ આખું શરીર અને માથું ઢંકાય તે રીતે સફેદ સુતરાઉ ખુલતા કપડા પહેરવા. પાણી, છાશ, લીંબુ શરબત, ઓ.આર.એસ. તાડફળી અને નારિયળનું પાણી અથવા અન્ય પ્રવાહી પુષ્કળ પ્રમાણમાં પીવું. ભીના કપડાથી માથું ઢાંકી રાખવું અને અવારનવાર ભીના કપડાં થી શરીર લૂછવું. ઠંડકવાળા સ્થળ પર સમયાંતરે આરામ કરવો અને નાના બાળકો, વૃધ્ધો અને સગર્ભા સ્ત્રીઓએ ઘરની બહાર ન નીકળવું. આ સમય દરમ્યાન ઉપવાસ ન કરવો તેમજ બજારમાં મળતો ખુલ્લો અને વાસી ખારોક ન ખાવો તેમજ બજારમાં મળતા બરફનો ઉપયોગ ટાળવો.

ગરમીથી લૂ લાગી હોય તો આપને શરીર પર અળાઈઓ નીકળશે. માથાનો દુખાવો, ચક્કર આવવા, બેભાન થવું, ખૂબ પરસવો થવો અને અશક્તિનો અનુભવ થશે. ચામડી લાલ, સૂકી અને ગરમ થઈ જશે. સ્નાયુઓમાં દુખાવો અને અશક્તિ, ઉબકા અને ઉલ્ટીઓ પણ થઈ શકે છે. અતિ ગંભીર કિસ્સામાં ખેંચ પણ આવી શકે છે. આવા લક્ષણો જણાય તો નજીકના ડૉકટર, પીએચસી અને સીએચસીનો સંપર્ક કરવો હિતાવહ છે. ગરમીથી બચવા માટે ઘરની છત પર સફેદ રંગ, ચૂનો અને સફેદ ટાઈલ્સ લગાવવાથી ઘરનું તાપમાન ઘટશે તેવું પણ જણાવ્યું છે.





ગાંધીનગર સહિત સમગ્ર ગુજરાતમાં છેલ્લા થોડાક દિવસથી અંગ દઝાડતી ગરમી પડી રહી છે. ગરમીના કારણે બપોરના સમય ગાંધીનગરના પહોળા માર્ગો પણ સુમસામ બની જાય છે. લોકો ઘર, ઓફિસ અને દુકાન જેવા સ્થળોથી બહાર નીકળવાનું ટાળે છે. આવા સમયે અબોલા પક્ષીઓને પાણી મળી રહે તે માટે સેકટર-૧૧ના સહયોગ સંકુલના પરિસરમાં મુકવામાં આવેલા કુંડામાં સફાઈ કામદારો અને સિક્યોરીટીમાં ફરજ બજાવતા કર્મચારીઓ દ્વારા પાણી સમયાંતરે ભરીને પક્ષીઓની સેવા કરવામાં આવી રહી છે.

### ગાંધીનગર રેલ્વે સ્ટેશનનું ઈન્સ્પેકશન કરાયું



ગાંધીનગર રેલ્વે સ્ટેશનનું ઈન્સ્પેકશન કરવા રેલ્વે બોર્ડ ચેરમેન વિનોદકુમાર યાદ દિલ્હી તથા જનરલ મેનેજર બોમ્બે વેસ્ટર્ન રેલ્વે તથા ડીવીઝન રેલ્વે મેનેજર અમદાવાદ તથા રેલ્વેના તમામ અધિકારીઓ નવનિર્મિત બની રહેલ ગાંધીનગર ખાતે ફાઈવ સ્ટાર હોટલ તથા રેલ્વે સ્ટેશનનું ઈન્સ્પેકશન કરવા તા. ૨૨મી એપ્રિલ સોમવારના રોજ ગાંધીનગર ખાતે હાજર રહ્યા હતા.

## રવિવારે સે-૧૨માં ડૉ. આંબેડકર હોલ ખાતે નવા જુના હિન્દી ફિલ્મી ગીતોનો કાર્યક્રમ

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર ગુજરાતનું રાજકીય પાટનગર હોવા સાથે કલા સંગીત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓથી ધમધમતું સાંસ્કૃતિક નગર તરીકે પણ જાણીતું બન્યું છે. શહેરમાં બાળકો યુવાઓથી માંડીને મોટી વયના નાગરિકો પણ નવું શીખવાનો જોમ ધરાવે છે. શહેરમાં શ્રી મનોરંજન મ્યુઝિકલ સ્ટુડિયો દ્વારા આ જ રીતે ગાયકી ક્ષેત્રે શોખ ધરાવતા શહેરીજનોને કરાઓકે સંગીતના સહારે તેમની પ્રતિભા ખીલવવા તક આપે છે. આ સંસ્થા દ્વરા આગામી તા. ૨૮મી એપ્રિલ રવિવારે રાત્રે ૮ કલાકે સેકટર-૧માં ડૉ. બાબાસાહેબ આંબેડકર હોલ ખાતે નવા જૂના પ્રણયરંગી હિન્દી ફિલ્મી ગીતોના કાર્યક્રમ 'જો તુમકો હો પસંદ વોહી બાત કહેંગે'નું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમને માણવા શહેરના સંગીત રસિકોને શ્રી મનોરંજન મ્યુઝિકલ સ્ટુડિયો તથા 'મેરી આવાઝ સુનો' કરાઓકે કલબ દ્વારા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## શહેરમાં ૭મીએ પરશુરામ ભગવાનની ભવ્ય શોભાયાત્રા

ગાંધીનગર, તા.૨૫

શ્રી સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગર મહિલા પાંખ અને પરશુરામ મિત્ર મંડળના સંયુકત ઉપક્રમે તા. ૭મી મેના રોજ શ્રી પરશુરામ ભગવાનની જન્મજયંતિ નિમિત્તે ગાંધીનગરમાં વિવિધ સ્થળેથી પરશુરામ ભગવાનની ભવ્ય શોભાયાત્રાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે.

શોભાયાત્રા સવારે આઠ કલાકે સ્વામી સચ્ચિદાનંદજી બ્રહ્મભવન શ્રી સોમનાથ મહાદેવ સેકટર-૧૬થી નીકળીને નાગરિક બેંક થઈને સેકટર-૧૭ હનુમાન મંદિરે આરતી-પુજા કરીને સેકટર-૧૭ શોપીંગથી ચ-૫, સેકટર-૨૧ પોલીસ ચોકી થઈને, સે-૨૧ શાકમાર્કેટથી જીમખાનાથી સેકટર-૨૧/૩૦ બસ સ્ટેન્ડથી વૈજનાથ મહાદેવ મંદિરથી પંચદેવ મંદિર સે-૨૨ આરતી કરીને, સે-૨૨ શોપીંગ ગુરુકુળ પોલીસ ચોકીથી સેકટર-૨૨-૨૩થી સેકટર-૨૩ કડી સ્કુલ થઈને આરાધના રોડ ગ-૬ (૨૪ ચોકડી)થી ગ-૭ ડીએસપી ઓફિસ સે-૨૭ શિવશકિત મંદિરથી બાલુભાઈ સે-૨૭ (હોલ્ટ), સે-૨૬ નવરાત્રિ ચોકથી સે-૨૬ પ્રકાશ સ્કુલ, સે-૨૬-૨૫ રોડ ખ-૬થી માંતગી સ્કુલ, સે-૨૪ ચંદ્ર ફોટો સ્ટુડિયોથી આર્ય સમાજ, સે-૨૩-૨૪ ચોકડીથી ગ-૫ થઈને સે-૧૩ લિંબચમાતાના મંદિરે સ્વાગત ચેતનભાઈ રાવલ કરશે ત્યાંથી સેકટર-૫થી સેકટર-૪ ઓમકારેશ્વર મંદિર થઈને સે-૩ રામેશ્વર મંદિર થઈને સેકટર-૩ સ્વામિનારાયણ મંદિર થઈ સે-૧ ગાયત્રી મંદિરથી સે-૮ ત્ર્યંબકેશ્વર મંદિર થઈને સેકટર-૭થી સેકટર-૬ ભુવનેશ્વર મહાદેવથી ઘ-૩ પથિકાશ્રમથી ઘ-૪ રોડ ઉપરથી નાગરિક બેંક થઈને સે-૧૬ શ્રી સોમનાથ મહાદેવ મંદિરે પરત ફરશે. આ શોભાયાત્રામાં શહેરની ધર્મપ્રેમી જનતાને ઉત્સાહપૂર્વક ભાગ લેવા સમસ્ત બ્રહ્મ સમાજ ગાંધીનગરના પ્રમુખ પીનાકીન રાવલ, મહામંત્રી નરેશભાઈ દવે, યુવા પ્રમુખ જયશ્રી ખેતિયા દ્વારા જણાવાયું છે.



ઉનાળાના બળબળતા તાપમાં જરૂરિયાતમંદ નાગરિકોને ઉપયોગી થવાના હેતુથી સીસીકાના સભ્યો બી.ડી. શાહ, અનિલ કક્કડ, દશરથ પમાર, મીનાબેન શાહ, મહેન્દ્ર વાઘેલા દ્વારા સે-૭ રણછોડરાયજી મંદિર અને સે-૬ના મેદાનમાં રોજી રોટી રળવા અર્થે બહારગામથી આવેલા અને રૈનબસેરા વિસ્તારમાં વસતા શ્રમિકોની વસ્તીમાં ચંપલ વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં મહિલાઓ, પુરુષો અને બાળકોને મળીને કુલ ૧૦૦થી વધુ ચંપલનું વિતરણ કરવામાં આવ્યું હતું. સંસ્થાના મહામંત્રી બી.ડી. શાહના જણાવ્યા મુજબ આ સેવાકીય પ્રવૃત્તિ આગામી દિવસોમાં પણ કરવામાં આવશે.

### @ગાંધીનગર

● ૪ મે સુધી તપોવન બાપુની વ્યાસપીઠે સરગાસણ સ્થિત શ્રી શરણમ સોસાયટીમાં રાત્રે ૮.૧૫ થી ૧૧.૧૫ સુધી શિવ મહાપુરાણ કથા જ્ઞાનયજ્ઞ યોજાશે.

● ચામુંડા માતાજી મંદિર માણેકપુર ગામ માણસા ખાતે સાંજે ૪.૩૦ કલાકે ભારતી બાપુની વ્યાસપીઠે સુંદરકાંડ પાઠ યોજાશે.




ગરમીના દિવસોમાં લોહીની માંગના પ્રમાણને ધ્યાનમાં લઈ સ્ટેટ બેંક જ્ઞાનર્જન અને વિકાસ સંસ્થા ગાંધીનગર દ્વારા સિવિલ હોસ્પિટલ બ્લક બેંકના સહયોગથી રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. શિબિરમાં બેંકના દિવ્યાંગ કર્મચારીઓ અને નવા ભરતી થયેલ જુનિયર આસિસ્ટન્ટ દ્વારા ઉત્સાહભેર રકતદાન કરવામાં આવ્યું હતું. સ્ટેટ બેંક જ્ઞાનસર્જન અને વિકાસ સંસ્થા ગાંધીનગરના ડાયરેકટર વિનોદ અમલાણી, ફેકલ્ટી હિતેશ દવે, મનોજકુમાર, રીમા તિવારી, વિનયકુમાર, સંજય વર્મા, સતિષ ઠકકર, અમિત મહેરિયા, મહેશ રામી અને ગાંધીનગર સિવિલ હોસ્પિટલની સમગ્ર ટીમે આ કાર્યમાં વિશેષ જહેમત ઉઠાવી હતી.

## શહેરમાં એસી-કુલર અને પંખા રીપેરીંગના કારીગરોની માંગ વધી

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર શહેરના સેકટર-૭, ૨૧ અને સે-૨૪માં એસી,પંખા અને કુલરો રીપેરીંગની દુકાનો ધરાવતા વેપારીઓને ત્યાં રીપેરીંગ માટે ચીજવસ્તુઓનો ખડકલો જોવા મળી રહ્યો છે.પરંતુ ઉનાળાને પગલે કારીગરોની માંગ વધતા તેમના ભાવમાં પણ બમણો વધારો જોવા મળે છે. જયારે ઉનાળાની ગરમીને પગલે નગરજનો એસી, પંખા અને ટેબલ ફેન સહિત કુલરો રીપેર કરવા માટે મોં માગ્યાં રૂપીયા ચુકવવા તૈયાર હોય છે. તેમ છતા નાગરીકોને પોતાની ચીજવસ્તુના રીપેરીંગ માટે બે થી ત્રણ દિવસ રાહ જોવી પડે છે.

ઉનાળાના પ્રારંભે જ ગરમીથી નગરજનો શેકાઈ રહ્યા છે. આકાશમાંથી અગનગોળા વરસી રહ્યા હોય તેમ લાગી રહ્યું છે. શહેરમાં તાપમાનનો પારો રોજ ઉંચે જઈ રહ્યો છે. ગરમીથી શહેરનું જનજીવન પ્રભાવિત બન્યું છે. બપોર થતા જ શહેરના માર્ગો સુમસામ બની જાય છે. ગરમીથી બચવા માટે નાગરીકો ઘરમાં એસી, પંખા અને એરકુલર શરુ કરી ઘરમાં પુરાઈ રહે છે. ત્યારે ઉનાળાની કાળઝાળ ગરમીમાં ઈલેક્ટ્રોનીક ચીજવસ્તુઓ બગડતા શહેરમાં આવેલી એસી-પંખા અને કુલર રીપેરીંગના કારીગરોની માંગ વધી જવા પામી છે. શહેરમાં એસી સર્વિસ માટે પણ બે થી ત્રણ દિવસ વેઈટીંગ ચાલી રહ્યું છે. જયારે રીપેરીંગની દુકાને કુલરો અને ટેબલ ફેન રીપેર કરવા માટે ઢગલો ખડકાયા છે. સવારથી સાંજ સુધી ધમધમતી દુકાનોમાં કારીગરોના અભાવે રીપેરીંગમાં વિલંબ થાય છે.જયારે ગરમી સહન ન કરી શકતા નાગરીકો વારંવાર દુકાને જઈ પોતાની ચીજવસ્તુ રીપેર થઈ કે નહી તેની ખાત્રી કરતા જોવા મળે છે. જયારે ઉનાળાને પગલે રીપેરીગના ભાવમાં પણ બમણો વધારો જોવા મળે છે.

## શનિવારે ગાંધી મિત્ર વર્તુળની માસિક બેઠક યોજાશે

ગાંધીનગર, તા.૨૫

ગાંધી મિત્ર વર્તુળ, ગાંધીનગરની માસિક બેઠક તા. ૨૭ એપ્રિલના રોજ સાંજે ૫ વાગ્યે અમૃતભાઈ ત્રિવેદીના નિવાસસ્થાન ૬૨૯, વાસ્તુનિર્માણ સોસાયટીમાં મળશે. સંસ્થાના પ્રમુખ ભાનુપ્રસાદ પુરાણી દ્વારા દરેકને સમયસર હાજર રહેવા જણાવાયું છે.

### ચિરવિદાય

- સ્વ. બિહોલા વિમળાબેન રણજીતસિંહ, ઉ.વ. ૬૫
- સ્વ. ઠાકોર વિનાબેન બાગરજી, ઉ.વ. ૪૫
- સ્વ. ઠાકોર કેશરબેન ડાહ્યાજી, ઉ.વ. ૭૦

# આકરી ગરમીમાં શહેરમાં મિનરલ જલસેવા બની આશીર્વાદરૂપ

## અનેક ઠેકાણે સેવાભાવી સંસ્થાઓ-દાતાઓ દ્વારા મિનરલ પાણીની પરબો શરૂ કરાઈ : રોજનું અંદાજે ૩૦૦થી ૭૦૦ લીટર પાણી પીવાય છે

ગાંધીનગર, તા.૨૫

પાટનગરમાં હવે ઉનાળો તેનું વિકરાળ સ્વરૂપ દેખાડતો જાય છે જેના પગલે દિવસ દરમિયાન શહેરીજનોને વારંવાર પાણી પીવાની તરસ લાગે છે. ૪૦ ડિગ્રીથી ઉપર તાપમાનનો પારો વધવાથી જો પુરતા પ્રમાણમાં પાણી પીવામાં ના આવે તો વ્યકિતને લૂ લાગી શકે છે. જેના પગલે ચકકર આવી જવા, બેભાન થઈ જવું કે તેવી અન્ય શારિરીક તકલીફોનો ભોગ બની શકે છે. જો કે શહેરમાં અનેક ઠેકાણે સેવાભાવી સંસ્થાઓ તથા દાતાઓ દ્વારા પાણીની પરબોની વ્યવસ્થા કરવામાં આવી છે જે પોતાના કામ-ધંધા-નોકરી કે વ્યવસાય સહિતની દોડધામમાં તાપથી ત્રસ્ત નાગરિકોને ઠંડક પહોંચાડી ગરમીમાં રાહત આપી રહી છે. શહેરમાં હવે તો જાહેરમાર્ગો પર મિનરલ પાણીના જગ મુકી સેવા કરવામાં આવી છે જે વાહનચાલકો માટે આશિર્વાદરૂપ બની રહી છે.




ભારતીય સંસ્કૃતિમાં 'તરસ્યાંને પાણી પીવડાવવું તે સૌથી મોટો ધર્મ' ગણાય છે તેમાં કોઈપણ જાતના ઊંચ-નીચ, જાત-પાત કે જાતિ-ધર્મના ભેદભાવને જોયા વગર કરવામાં આવતી જલસેવા સૌથી શ્રેષ્ઠ ગણાય છે. આજના યુગમાં દૂષિત પાણીથી થતા રોગો અંગે સમાજમાં જાગૃતિ વધતી જાય છે તેથી મોટાભાગના નોકરિયાતો, વિદ્યાર્થીઓ કે વ્યવસાયિકો પોતાના ઘરેથી શુધ્ધ પાણી ઠંડુ રહી શકે તેવી વોટર બોટલમાં સાથે રાખવાનો આગ્રહ રાખે છે. જો કે અત્યારે શહેરમાં જે રીતે આકાશમાંથી ગરમી વરસી રહી છે તે જોતા આ પ્રકારની બોટલનું પાણી માંડ બે ત્રણ કલાક ચાલે છે આવા સમયે મિનરલ પાણીની પરબો વ્હારે ધાય છે. ખાસ કરીને વાહનચાલકો માટે શહેરના માર્ગો પર શરૂ થયેલી મિનરલ વૉટરની પરબો આશીર્વાદરૂપ સાબિત થઈ રહી છે. શહેરમાં હાલ ધોળાકુવા પાસેના રક્ષાશકિત સર્કલ, ચ-૦ સર્કલ, પથિકાશ્રમ એસટી ડેપો સામે, જિલ્લા પંચાયત સામે પોઈન્ટના બસ સ્ટેન્ડ પર, ઘ-૪ સર્કલ નજીક, સરગાસણ ચાર રસ્તા નજીક, ઘ-૬ સર્કલ, સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં ખોડિયાર માતાના મંદિર પાસેની જુની પરબ જેવી અનેક પરબો જોવા મળી રહી છે. ઘણી જગ્યાએ માટીના માટલામાં જુની પધ્ધતિથી પરબો ચલાવાય છે જયારે અનેક સ્થળે હવે મિનરલ વોટરના જગની પરબો ચાલે છે. જેમાં દિવસ દરમિયાન અંદાજે ૩૦૦થી ૭૦૦ લીટર સુધીનો પાણીનો વપરાશ થાય છે. શહેરમાં 'બાબા સીતારામ' તથા 'સંત સવૈયાનાથ'ના નામથી પાણની પરબો અનેક સ્થળે જોવા મળી રહી છે.

### વાવોલના સોસાયટી વિસ્તારમાં મિનરલ પાણીની પરબ



ગાંધીનગરના વાવોલ ખાતે ફાટક નજીક પીપળાના ઝાડ નીચે વર્ષોથી માટીના માટલાઓમાં ચલાવાતી ઠંડા પાણીની પરબ ખુબ સુપ્રસિધ્ધ છે, તેમજ મહાકાળી મંદિરે બનાવાયેલ વૉટરકૂલર સાથેની પરબ અનેક વટેમાર્ગુઓ માટે આશીર્વાદરૂપ છે. હવે વાવોલના સોસાયટી વિસ્તારમાં સોસાયટીના રહીશો દ્વારા પણ મિનરલ પાણીની પરબોનું સેવાકાર્ય હાથ ધરવામાં આવ્યું છે.